સને ૨૦૧૪-૧૫ના (આયોજન હેઠળ) પોલીસ અકાદમી કરાઇ, જિ. ગાંધીનગરના બાંધકામ માટેની ચાલુ સેવાને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃબજટ/૨૦૧૩/૬૨૭/લ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૭/૮/૨૦૧૪

## વંચાણે લીધો:

૧. અધિક પોલીસ મહાનિદેશક (તાલીમ) ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૭/૮/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃતલમ-જીએબી/જીપીએ/૨૧૧૦/૨૦૧૪.

## ઠરાવ

રાજ્ય સરકારશ્રી દ્વારા પોલીસ અધિકારી/કર્મચારીઓની તાલીમ માટે ગાંધીનગર જિલ્લાના કરાઇ ખાતે ગુજરાત પોલીસ અકાદમી નામની પૂર્ણ કક્ષાની તાલીમ સંસ્થા સ્થાપવામાં આવેલ છે. હાલમાં આ સંસ્થા ખાતે સામેલ યાદી મુજબ કામગીરી પ્રગતિમાં હોઈ, નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં આયોજન હેઠળ રૂ.૪૦૦.૦૦લાખની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધીન વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૪-૧૫ની જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૨) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનુ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો - વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી ખર્ચ કરવાનું રહેશે.

(૪) આ અંગેના મંજૂરી અંગેના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી તથા સંબંધિત પોલીસ અધિકારીશ્રીએ સૂચિત યોજના અંગેનું અસરકારક મોનીટરીંગ કરવાનું રહેશે તથા યોજનાનો મૂળ હેતુ જળવાય તે રીતે પારદર્શક અમલ સત્વરે કરવાનો રહેશે.

(૮) સમયસર કામ પૂર્ણ થાય તેની જવાબદારી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી/સબંધિત પોલીસ અધિક્ષકની કચેરીને રહેશે.

(૯) અંદાજીત રકમમાં જો વધારો થાય તો નાણાં વિભાગની મંજૂરી અચુકપણે લેવાની રહેશે.

૨. આ અંગેની રકમમાંથી કરવામાં આવતા ખર્ચના પત્રકો વિગતવાર માહિતી સાથે તે પછીના મહીનાની દશમી તારીખ સુધીમાં વિભાગની 'લ' શાખા તથા 'ર' શાખા(બજેટ શાખા)ને અચૂક મોકલી આપવાના રહેશે.

૩. આ અંગેનો ખર્ચ નીચેના બજેટ સદર હેઠળ ઉધારવાનો રહેશે અને તે હેઠળ ચાલુ વર્ષમાં થયેલ જોગવાઇ માંથી મેળવવાનો રહેશે.

| | | |
|---|---|---|
| માંગણી ક્રમાંક | : | ૪૬(આયોજન હેઠળ) |
| મુખ્ય સદર | : | ૪૦૫૫ પોલીસ અંગે મૂળી ખર્ચ જોગવાઇ |
| ગૌણ સદર | : | (૨૧૧) પોલીસ આવાસન |
| પેટા સદર | : | (૦૧) ગાંધીનગર જિલ્લાના કરાઇ ખાતે પોલીસ અકાદમીનું બાંધકામ |
| હેડ ચાર્જેબલ | : | ૪૦૫૫ ૮૦૦ ૦૪ |
| સ્કીમ કોડ | : | |

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૯/૮/૨૦૧૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.વી.રાઠવા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય,પોલીસ ભવન, ગાંધીનગર.

- અધિક પોલીસ મહાનિદેશક(તાલીમ) ગુજરાત રાજ્ય,પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશક અને મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિ., ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ.
- નાણાં સલાહકારશ્રી, (ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, ટી.સી.એન્ડ ટી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં વિભાગ, અ- શાખા, સચિવાલય, ગાંધીનગર.
- ગૃહ વિભાગ, અ, ર, વ, સ, ઇ-૧, હ અને ફ શાખાઓ ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારી અમદાવાદ/ગાંધીનગર.
- તિજોરી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- વિમા નિયામકશ્રી, ગાંધીનગર.
- શાખા સિલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.

## ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ માટે વર્ષ ૨૦૧૪-૧૫માં મંજૂર થયેલ કામોની વિગત

## દર્શાવતું પત્રક

| અ.નં | વિગત |
|---|---|
| ૧ | કેન્દ્રીય ડાયનિંગ હોલ |
| ૨ | બેફલ રેન્જ ખાતેના ટોયલેટ બ્લોક |
| ૩ | બેફલ રેન્જ ખાતે વરસાદી પાણીના નિકાલની ઓપન ડ્રેઇન |
| ૪ | બેફલ રેન્જ ખાતે નીજી આઇ. શેડ નંગ-૨ |
| ૫ | શોર્ટ રેન્જ પેવર બ્લોક ફલોરીંગ |
| ૬ | બાઉન્ડ્રી વોલ ફરતે વોક વે |
| ૭ | બેફલ રેન્જમાં દિવાલનું કામ |
| ૮ | બેફલ રેન્જમાં પેવર બ્લોક ફલોરીંગનું  કામ |
| ૯ | બેફલ રેન્જમાં દિવાલોનું રીનોવેશન |
| ૧૦ | બેફલ રેન્જ ખાતે ઉંચાઇ પેવર બ્લોક ફલોરીંગ તથા દિવાલ |
| ૧૧ | એડમીન બ્લોક તથા વિદ્યાભવનને જોડતો પાથ - વે |
| ૧૨ | કમાન્ડો ઓફિસ ફર્નિચર |
| ૧૩ | સિમ્યુલેટર રૂમ ફર્નિચર |
| ૧૪ | સ્પોર્ટસ કલબ/કોમ્પલેક્ષ અને એ.ડી.આઇ. બ્રિફીગ રૂમનું ફર્નિચર |
| ૧૫ | વહીવટી બિલ્ડીગ ફોયર પહેલો માળ |
| ૧૬ | પો.ઇન્સ. સ્ટાફ રૂમનું ફર્નિચર |
| ૧૭ | એ.ડી.આઇ. કેબીન |
| ૧૮ | હેડ કર્વાટર ઓફિસ |
| ૧૯ | ઓ.એસ.ઓફીસ |
| ૨૦ | એચ.કયુ. સ્ટાફ/કયુબીકલ વર્કીગ સ્ટેશન |
| ૨૧ | ઓ.એસ. સ્ટાફ/કયુબીકલ વર્કીગ સ્ટેશન |
| ૨૨ | ઓડિટોરીયમ રીનોવેશન |
| ૨૩ | ટોયલેટ રીનોવેશન |
| ૨૪ | બેરેકનું ફર્નિચર |
| ૨૫ | બેરેકનું સીવીલ કામ |
| ૨૬ | ઓફિસનું ઇન્ટીરીયર કામ અને તાલીમાર્થીઓનુ જીમ્નેશીયમનું કામ |
| ૨૭ | શોપીંગ સેન્ટર થી મોર્ડન પોલીસ સ્ટેશનની વચ્ચેનો ટ્રીમીક્ષ રોડ |